## અગ્રતા ક્રમાંક: ૨૫

## પ્રશ્ન ક્રમાંક::૧૫/૦૪/૮૦૮ માન. ધારાસભ્યશ્રી ડૉ. દર્શીતા શાહ (રાજકોટ પશ્ચિમ)

## પુરક પ્રશ્નો

૧. છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રોત્સાહક સહાય તથા બાથરૂમ સહાય ચુકવવામાં આવેલ છે? (ડૉ. દર્શીતા શાહ (રાજકોટ પશ્ચિમ) )

૨. પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રા) અંતર્ગત "બાથરૂમ બાંધકામ સહાય યોજના" ક્યારથી શરૂ કરવામાં આવી, યોજનાનો હેતુ તેમજ તેની જોગવાઈ શું છે? ()

3. પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રા) અંતર્ગત છેલ્લા ૨ (બે) કેલેન્ડર વર્ષમાં કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય "બાથરૂમ બાંધકામ સહાય યોજના" હેઠળ ચૂકવવામાં આવેલ છે ? ()

૪. પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રા) અંતર્ગત "મુખ્યમંત્રી પ્રોત્સાહક યોજના" ક્યારથી શરૂ કરવામાં આવી, યોજનાનો હેતુ તેમજ તેની જોગવાઈ શું છે? ()

૫. પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રા) અંતર્ગત છેલ્લા ૨ (બે) કેલેન્ડર વર્ષમાં કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય "મુખ્યમંત્રી પ્રોત્સાહક યોજના" હેઠળ ચૂકવવામાં આવેલ છે ?

()

| | અન્ય પુરક પ્રશ્નો |
|---|---|
| 1 | છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં જિલ્લાવાર ચુકવવામાં આવેલ પ્રોત્સાહક સહાયની વિગતો. |
| 2 | છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં જિલ્લાવાર ચુકવવામાં આવેલ ચૂકવવામાં આવેલ બાથરૂમ બાંધકામ સહાયની વિગતો. |
| 3 | આ યોજના અંગે કોઇ ફરિયાદ મળેલ છે કે કેમ ? |
| 4 | પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) બ્રીફ નોટ |

1. મુખ્ય મંત્રીશ્રી પ્રોત્સાહક યોજના અંગેનો તા.૦૨-૦૬-૨૦૧૮નો ઠરાવ
2. મુખ્ય મંત્રીશ્રી પ્રોત્સાહક યોજના અંગેનો તા.૨૦-૦૯-૨૦૧૮નો ઠરાવ
3. પ્રધાન મંત્રી આવાસ યોજના(ગ્રા)નાં લાભાર્થીઓને બાથરૂમ સહાય અંગેનો તા.૨૧/૦૭/૨૦૨૦નો ઠરાવ.
4. પ્રધાન મંત્રી આવાસ યોજના(ગ્રા)નાં લાભાર્થીઓને મળવાપાત્ર બાથરૂમ બાંધકામ સહાયની કાર્યરીતિ નક્કી કરવા બાબતનો તા.03/03/૨૦૨૨નો ઠરાવ.

પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી

**પ્રશ્ન : ૧** છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રોત્સાહક સહાય તથા બાથરૂમ સહાય ચુકવવામાં આવેલ છે?

જવાબ:

| **રાજકોટ જિલ્લામાં તાલુકાવાર ચૂકવવામાં આવેલ પ્રોત્સાહક સહાય (રૂ.૨૦,૦૦૦/-)** | | | | | |
|---|---|---|---|---|---|
| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨** | | **તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩** | |
| | | **લાભાર્થીની સંખ્યા** | **રકમ રૂ.** | **લાભાર્થીની સંખ્યા** | **રકમ રૂ.** |
| ૧ | ધોરાજી | ૩૧ | ૬ લાખ ૨૦ હજાર | ૦ | ૦ |
| ૨ | ગોંડલ | ૯૬ | ૧૯ લાખ ૨૦હજાર | ૦ | ૦ |
| ૩ | જામકંડોરણા | ૩૧ | ૬ લાખ ૨૦ હજાર | ૧૨ | ૨ લાખ ૪૦ હજાર |
| ૪ | જસદણ | ૫૬ | ૧૧ લાખ ૨૦ હજાર | ૪ | ૮૦ હજાર |
| ૫ | જેતપુર | ૮૫ | ૧૭ લાખ | ૦ | ૦ |
| ૬ | કોટડાસાંગાણી | ૩૫ | ૭ લાખ | ૮ | ૧ લાખ ૬૦ હજાર |
| ૭ | લોધિકા | ૨૧ | ૪ લાખ ૨૦ હજાર | ૧૫ | ૩ લાખ |
| ૮ | પડધરી | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | રાજકોટ | ૪૬ | ૯ લાખ ૨૦ હજાર | ૭ | ૧ લાખ ૪૦ હજાર |
| ૧૦ | ઉપલેટા | ૭૩ | ૧૪ લાખ ૬૦ હજાર | ૦ | ૦ |
| ૧૧ | વિંછીયા | ૧૦ | ૨ લાખ | ૦ | ૦ |
| | **કુલ...** | **૪૮૪** | **૯૬ લાખ ૮૦હજાર** | **૪૬** | **૯ લાખ ૨૦ હજાર** |

(વધુ જવાબ આગળના પાને)

| રાજકોટ જિલ્લામાં તાલુકાવાર ચૂકવવામાં આવેલ બાથરૂમ બાંધકામ સહાય (રૂ.૫,૦૦૦/-) | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | જિલ્લાનું નામ | તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨ | | તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ | |
| | | લાભાર્થી ની સંખ્યા | રકમ રૂ. | લાભાર્થી ની સંખ્યા | રકમ રૂ. |
| ૧ | ધોરાજી | ૧૦ | ૫૦ હજાર | ૩ | ૧૫ હજાર |
| ૨ | ગોંડલ | ૦ | ૦ | ૪૧ | ૨ લાખ ૫ હજાર |
| ૩ | જામકંડોરણા | ૩ | ૧૫ હજાર | ૦ | ૦ |
| ૪ | જસદણ | ૦ | ૦ | ૩૦ | ૧૫૦૦૦૦ |
| ૫ | જેતપુર | ૨૭ | ૧ લાખ ૩૫ હજાર | ૦ | ૦ |
| ૬ | કોટડાસાંગાણી | ૦ | ૦ | ૨૯ | ૧ લાખ ૪૫ હજાર |
| ૭ | લોધિકા | ૮ | ૪૦ હજાર | ૨૬ | ૧ લાખ ૩૦ હજાર |
| ૮ | પડધરી | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | રાજકોટ | ૧ | ૫ હજાર | ૭ | ૩૫ હજાર |
| ૧૦ | ઉપલેટા | ૩૩ | ૧ લાખ ૬૫ હજાર | ૨૦ | ૧ લાખ |
| ૧૧ | વિંછીયા | ૮ | ૪૦ હજાર | ૨ | ૧૦હજાર |
| | **કુલ...** | **૯૦** | **૪ લાખ ૫૦ હજાર** | **૧૫૮** | **૭ લાખ ૯૦ હજાર** |

Back To Index

પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી

**પ્રશ્ન : ૨** પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રા) અંતર્ગત "બાથરૂમ બાંધકામ સહાય યોજના" ક્યારથી શરૂ કરવામાં આવી, યોજનાનો હેતુ તેમજ તેની શું જોગવાઈ છે?

જવાબ:

- પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રા) અંતર્ગત **૧૦૦ % રાજ્ય ફાળાની "બાથરૂમ બાંધકામ સહાય યોજના" વર્ષ ૨૦૨૦-૨૦૨૧ થી** શરૂ કરવામાં આવી.
- આ યોજનાનો હેતુ પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ)હેઠળ આવાસની સાથે ફક્ત શૌચાલય આપવાથી લાભાર્થી બાથરૂમની સુવિધાથી વંચિત રહી જતા હોઈ, તેમજ કુટુંબના મહિલા સભ્યોને ધ્યાનમાં રાખી મહિલા સશક્તિકરણની દિશામાં એક નવી પહેલ કરી, મહિલાઓની માન મર્યાદા જળવાઈ રહે તે હેતુથી આવાસની સાથે સાથે બાથરૂમ બાંધકામ માટે **પ્રતિ લાભાર્થી રૂ.૫,૦૦૦/- ની વધારાની સહાય** આપવામાં આવે છે.

Back To Index

પુરક પ્રશ્ન પૂછનાર **માન. ધારાસભ્યશ્રી**

**પ્રશ્ન : 3 પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રા) અંતર્ગત છેલ્લા ૨ (બે) કેલેન્ડર વર્ષમાં કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય "બાથરૂમ બાંધકામ સહાય યોજના" હેઠળ ચૂકવવામાં આવેલ છે ?**

જવાબ:

- પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રા) અંતર્ગત **"બાથરૂમ બાંધકામ સહાય યોજના""**હેઠળ છેલ્લા ૨ (બે) કેલેન્ડર વર્ષમાં **કુલ ૧૬ હજાર ૫૨૧** લાભાર્થીઓને **કુલ રકમ રૂ.૮.૨૫ કરોડ સહાયની રકમ** ચૂકવવામાં આવેલ છે.

| **બાથરૂમ બાંધકામ સહાય યોજના** | | | |
|---|---|---|---|
| **ક્રમ** | **કેલેન્ડર વર્ષ** | **લાભાર્થીઓની સંખ્યા** | **ચૂકવેલ સહાય રકમ રૂ. કરોડમાં** |
| ૧ | ૨૦૨૨ | ૨ હજાર ૨૩૫ | ૧.૧૧ કરોડ |
| ૨ | ૨૦૨૩ | ૧૪ હજાર ૨૮૬ | ૭.૧૪ કરોડ |
| | **કુલ...** | **૧૬ હજાર ૫૨૧** | **૮.૨૫ કરોડ** |

Back To Index

પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી

**પ્રશ્ન :૪ પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રા) અંતર્ગત "મુખ્યમંત્રી પ્રોત્સાહક યોજના" ક્યારથી શરૂ કરવામાં આવી, યોજનાનો હેતુ તેમજ તેની શું જોગવાઈ છે?**

જવાબ:

- પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રા) અંતર્ગત **૧૦૦ % રાજ્ય ફાળાની "મુખ્યમંત્રી પ્રોત્સાહક યોજના"** વર્ષ ૨૦૧૮-૨૦૧૯ થી શરૂ કરવામાં આવી.
- આ યોજનાનો હેતુ પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રા)**ના લાભાર્થીને પોતાના આવાસનું કામ સમયમર્યાદામાં પુર્ણ કરવા પ્રોત્સાહન મળે** તે છે.
- આ યોજનામાં પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રા)ના લાભાર્થીને આવાસનો **પ્રથમ હપ્તો મળ્યેથી ૬ માસની અંદર આવાસ ભૌતિક રીતે પૂર્ણ કરવાથી રૂ.૨૦,૦૦૦/- ની સહાયનો લાભ** મળવાપાત્ર થાય છે.

Back To Index

પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી

**પ્રશ્ન : ૫ પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રા) અંતર્ગત છેલ્લા ૨ (બે) કેલેન્ડર વર્ષમાં કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય "મુખ્યમંત્રી પ્રોત્સાહક યોજના" હેઠળ ચૂકવવામાં આવેલ છે ?**

જવાબ:

- પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રા) અંતર્ગત **"મુખ્યમંત્રી પ્રોત્સાહક યોજના"**હેઠળ છેલ્લા ૨ (બે) કેલેન્ડર વર્ષમાં **કુલ ૧૮ હજાર ૮૭૧** લાભાર્થીઓને **કુલ રૂ.૩૭.૭૪ કરોડ સહાયની રકમ** ચૂકવવામાં આવેલ છે.

| **મુખ્યમંત્રી પ્રોત્સાહક યોજના** | | | |
|---|---|---|---|
| **ક્રમ** | **કેલેન્ડર વર્ષ** | **લાભાર્થીઓની સંખ્યા** | **ચૂકવેલ સહાય રકમ રૂ. કરોડમાં** |
| ૧ | ૨૦૨૨ | ૬ હજાર ૨૮૫ | ૧૨.૫૭ કરોડ |
| ૨ | ૨૦૨૩ | ૧૨ હજાર ૫૮૬ | ૨૫.૧૭ કરોડ |
| | **કુલ...** | **૧૮ હજાર ૮૭૧** | **૩૭.૭૪ કરોડ** |

Back To Index

## અન્ય પુરક પ્રશ્નો

**પ્રશ્ન : છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં જિલ્લાવાર ચુકવવામાં આવેલ પ્રોત્સાહક સહાયની વિગતો.**

જવાબ:

| ચૂકવવામાં આવેલ પ્રોત્સાહક સહાય (રૂ.૨૦,૦૦૦/-) | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | જિલ્લાનું નામ | તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨ | | તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ | |
| | | લાભાર્થીની સંખ્યા | રકમ રૂ. | લાભાર્થીની સંખ્યા | રકમ રૂ. |
| ૧ | અમદાવાદ | ૦ | ૦ | ૧૬૦ | ૩૨,૦૦,૦૦૦ |
| ૨ | અમરેલી | ૨૧ | ૪૨૦,૦૦૦ | ૬૯ | ૧૩,૮૦,૦૦૦ |
| ૩ | આણંદ | ૮૭ | ૧૭,૪૦,૦૦૦ | ૦ | ૦ |
| ૪ | અરવલ્લી | ૨૦૫ | ૪૧,૦૦,૦૦૦ | ૨૭૮ | ૫૫,૬૦,૦૦૦ |
| ૫ | બનાસકાંઠા | ૨૭૪ | ૫૪,૮૦,૦૦૦ | ૪૪૦ | ૮૮,૦૦,૦૦૦ |
| ૬ | ભરૂચ | ૨૧૭ | ૪૩,૪૦,૦૦૦ | ૧૮૦ | ૩૬,૦૦,૦૦૦ |
| ૭ | ભાવનગર | ૫૧ | ૧૦,૨૦,૦૦૦ | ૧૪૩ | ૨૮,૬૦,૦૦૦ |
| ૮ | બોટાદ | ૬૦ | ૧૨,૦૦,૦૦૦ | ૩૦૦ | ૬૦,૦૦,૦૦૦ |
| ૯ | છોટાઉદેપુર | ૪ | ૮૦,૦૦૦ | ૧૬૪ | ૩૨,૮૦,૦૦૦ |
| ૧૦ | ડાંગ | ૦ | ૦ | ૧૮૭ | ૩૭,૪૦,૦૦૦ |
| ૧૧ | દેવભૂમિ દ્વારકા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | દાહોદ | ૮૭૯ | ૧,૭૫,૮૦,૦૦૦ | ૧૬૬૯ | ૩,૩૩,૮૦,૦૦૦ |
| ૧૩ | ગાંધીનગર | ૬૦૪ | ૧,૨૦,૮૦,૦૦૦ | ૦ | ૦ |
| ૧૪ | ગીર સોમનાથ | ૬૬ | ૧૩,૨૦,૦૦૦ | ૪૦૮ | ૮૧,૬૦,૦૦૦ |
| ૧૫ | જામનગર | ૬૮ | ૧૩,૬૦,૦૦૦ | ૨૪૯ | ૪૯,૮૦,૦૦૦ |
| ૧૬ | જુનાગઢ | ૨૦ | ૪,૦૦,૦૦૦ | ૧૬૫ | ૩૩,૦૦,૦૦૦ |
| ૧૭ | કચ્છ | ૦ | ૦ | ૯૯૬ | ૧,૯૯,૨૦,૦૦૦ |
| ૧૮ | ખેડા | ૮૭૬ | ૧,૭૫,૨૦,૦૦૦ | ૧૧૯૯ | ૨,૩૯,૮૦,૦૦૦ |
| ૧૯ | મહેસાણા | ૧ | ૨૦,૦૦૦ | ૪૦૬ | ૮૧,૨૦,૦૦૦ |
| ૨૦ | મહિસાગર | ૧ | ૨૦,૦૦૦ | ૧૪ | ૨,૮૦,૦૦૦ |
| ૨૧ | મોરબી | ૧૧૦ | ૨૨,૦૦,૦૦૦ | ૨૦ | ૪,૦૦,૦૦૦ |
| ૨૨ | નર્મદા | ૦ | ૦ | ૪૭૨ | ૯૪,૪૦,૦૦૦ |
| ૨૩ | નવસારી | ૧૬૧ | ૩૨,૨૦,૦૦૦ | ૩૦૮ | ૬૧,૬૦,૦૦૦ |
| ૨૪ | પંચમહાલ | ૪૯૧ | ૯૮,૨૦,૦૦૦ | ૨૨૯૩ | ૪,૫૮,૬૦,૦૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૫ | પાટણ | ૬૧૫ | ૧,૨૩,૦૦,૦૦૦ | ૫૯૭ | ૧,૧૯,૪૦,૦૦૦ |
| ૨૬ | પોરબંદર | ૧૧ | ૨,૨૦,૦૦૦ | ૫૫ | ૧૧,૦૦,૦૦૦ |
| ૨૭ | રાજકોટ | ૪૮૪ | ૯૬,૮૦,૦૦૦ | ૪૬ | ૯,૨૦,૦૦૦ |
| ૨૮ | સાબરકાંઠા | ૫૬૬ | ૧,૧૩,૨૦,૦૦૦ | ૪૨૭ | ૮૫,૪૦,૦૦૦ |
| ૨૯ | સુરત | ૮૨ | ૧૬,૪૦,૦૦૦ | ૩૧૧ | ૬૨,૨૦,૦૦૦ |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૨૭૭ | ૫૫,૪૦,૦૦૦ | ૨૫૬ | ૫૧,૨૦,૦૦૦ |
| ૩૧ | તાપી | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૨ | વડોદરા | ૫૪ | ૧૦,૮૦,૦૦૦ | ૨૫ | ૫,૦૦,૦૦૦ |
| ૩૩ | વલસાડ | ૦ | ૦ | ૭૪૯ | ૧,૪૯,૮૦,૦૦૦ |
| **કુલ** | | **૬૨૮૫** | **૧૨,૫૭,૦૦,૦૦૦** | **૧૨,૫૮૬** | **૨૫,૧૭,૨૦,૦૦૦** |

એકંદરે કુલ લાભાર્થીઓની સંખ્યા ૧૮ હજાર ૮૭૧

કુલ રકમ રૂ.**૩૭. ૭૪ કરોડ**

Back To Index

**પ્રશ્ન : છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં જિલ્લાવાર ચુકવવામાં આવેલ ચૂકવવામાં આવેલ બાથરૂમ બાંધકામ સહાયની વિગતો.**

જવાબ:

| ચૂકવવામાં આવેલ બાથરૂમ બાંધકામ સહાય (રૂ.૫,૦૦૦/-) | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | જિલ્લાનું નામ | તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨ | | તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ | |
| | | લાભાર્થીની સંખ્યા | રકમ રૂ. | લાભાર્થીની સંખ્યા | રકમ રૂ. |
| ૧ | અમદાવાદ | ૭૯ | ૩,૯૫,૦૦૦ | ૧૨૮ | ૬,૪૦,૦૦૦ |
| ૨ | અમરેલી | ૧૨૨ | ૬,૧૦,૦૦૦ | ૬૧ | ૩,૦૫,૦૦૦ |
| ૩ | આણંદ | ૦ | ૦ | ૪૩ | ૨,૧૫,૦૦૦ |
| ૪ | અરવલ્લી | ૦ | ૦ | ૧૯૭ | ૯,૮૫,૦૦૦ |
| ૫ | બનાસકાંઠા | ૭૯ | ૩,૯૫,૦૦૦ | ૩૨૫ | ૧૬,૨૫,૦૦૦ |
| ૬ | ભરૂચ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | ભાવનગર | ૦ | ૦ | ૮૭ | ૪,૩૫,૦૦૦ |
| ૮ | બોટાદ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | છોટાઉદેપુર | ૯ | ૪૫,૦૦૦ | ૧૭૫ | ૮,૭૫,૦૦૦ |
| ૧૦ | ડાંગ | ૦ | ૦ | ૧૦૪ | ૫,૨૦,૦૦૦ |
| ૧૧ | દેવભૂમિ દ્વારકા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | દાહોદ | ૦ | ૦ | ૨૯૨૧ | ૧,૪૬,૦૫,૦૦૦ |
| ૧૩ | ગાંધીનગર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૪ | ગીર સોમનાથ | ૩૧ | ૧,૫૫,૦૦૦ | ૩૧ | ૧,૫૫,૦૦૦ |
| ૧૫ | જામનગર | ૨૭૯ | ૧૩,૯૫,૦૦૦ | ૩૪૨ | ૧૭,૧૦,૦૦૦ |
| ૧૬ | જુનાગઢ | ૦ | ૦ | ૧૭૮૮ | ૮૯,૪૦,૦૦૦ |
| ૧૭ | કચ્છ | ૦ | ૦ | ૨૭૩ | ૧૩,૬૫,૦૦૦ |
| ૧૮ | ખેડા | ૦ | ૦ | ૧૬૬૫ | ૮૩,૨૫,૦૦૦ |
| ૧૯ | મહેસાણા | ૫૮ | ૨,૯૦,૦૦૦ | ૧૭૩ | ૮,૬૫,૦૦૦ |
| ૨૦ | મહિસાગર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૧ | મોરબી | ૮ | ૪૦,૦૦૦ | ૬૧ | ૩,૦૫,૦૦૦ |
| ૨૨ | નર્મદા | ૦ | ૦ | ૧૦૬ | ૫,૩૦,૦૦૦ |
| ૨૩ | નવસારી | ૧૩૭ | ૬,૮૫,૦૦૦ | ૨૧૫ | ૧૦,૭૫,૦૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૪ | પંચમહાલ | ૧૧૭૫ | ૫૮,૭૫,૦૦૦ | ૩૬૮૩ | ૧,૮૪,૧૫,૦૦૦ |
| ૨૫ | પાટણ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૬ | પોરબંદર | ૨૪ | ૧,૨૦,૦૦૦ | ૫૪ | ૨,૭૦,૦૦૦ |
| ૨૭ | રાજકોટ | ૯૦ | ૪,૫૦,૦૦૦ | ૧૫૮ | ૭,૯૦,૦૦૦ |
| ૨૮ | સાબરકાંઠા | ૧૪૪ | ૭,૨૦,૦૦૦ | ૩૭૨ | ૧૮,૬૦,૦૦૦ |
| ૨૯ | સુરત | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૦ | ૦ | ૧૨૫૩ | ૬૨,૬૫,૦૦૦ |
| ૩૧ | તાપી | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૨ | વડોદરા | ૦ | ૦ | ૭૧ | ૩,૫૫,૦૦૦ |
| ૩૩ | વલસાડ | ૦ | ૦ | ૦ | ૦ |
| **કુલ** | | **૨૨૩૫** | **૧,૧૧,૭૫,૦૦૦** | **૧૪,૨૮૬** | **૭,૧૪,૩૦,૦૦૦** |

એકંદરે કુલ લાભાર્થીઓ **૧૬ હજાર ૫૨૧**

કુલ રકમ રૂ. **૮.૨૫ કરોડ**

Back To Index

પ્રશ્ન : આ યોજના અંગે કોઇ ફરિયાદ મળેલ છે કે કેમ ?

જવાબ: ના, આ યોજના અંગે આજ દિન સુધી કોઇ ફરિયાદ મળેલ નથી.

Back To Index

# પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ)

- પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) તા.૨૦–૧૧–૨૦૧૬ થી અમલમાં મૂકવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારના કુટુંબોને **"પોતાના સ્વપ્નનું ઘર"** મળે અને તેમનું જીવનધોરણ ઊંચું આવે તે પ્રધાનમંત્રી આવાસ યોજનાનો મુખ્ય હેતુ છે. રાજ્યના તમામ ઘરવિહોણા અને કાચા આવાસ ધરાવતા કુટુંબોને **૨૦૨૪ સુધીમાં** આવરી લેવાનો રાજ્ય સરકારનો દ્રઢ નિર્ધાર છે.
- પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ) હેઠળ યોજનાનો હેતુ ગ્રામ્ય વિસ્તારમાં **"સામાજિક–આર્થિક મોજણી અભ્યાસ–૨૦૧૧" તેમજ આવાસ પ્લસ ડેટાબેઝ**માં સમાવિષ્ટ પાત્રતા ધરાવતા ઘરવિહોણા તેમજ કાચા આવાસ ધરાવતા લોકોને નાણાંકીય સહાય પુરી પાડી નવા આવાસના બાંધકામ માટે સહાયરૂપ બનવાનો છે.
- લાભાર્થીઓની પસંદગી આવાસની વંચિતતાના પરિમાણોના આધારે કરવામાં આવે છે; SECC-૨૦૧૧ તેમજ આવાસ પ્લસ ડેટાબેઝનો ઉપયોગ પરિવારોને ઓળખવા માટે થાય છે અને પછી ગ્રામસભાઓ દ્વારા ચકાસવામાં આવે છે.
- SECC-૨૦૧૧ ડેટાબેઝ મુજબ રાજ્ય પાસે PWL (કાયમી પ્રતીક્ષા સૂચિ) માં **3,૧૧,૧૮3** પાત્ર લાભાર્થીઓ ઉપલબ્ધ હતા. વર્ષ ૨૦૧૬–૧૭ થી શરૂ કરીને રાજ્યને નીચે જણાવેલ પ્રમાણે વર્ષ મુજબના લક્ષ્યાંકો ફાળવવામાં આવ્યા છે. SECC-૨૦૧૧ મુજબ PWL વર્ષ ૨૦૧૯–૨૦માં આવરી લેવામાં આવેલ હતું.

Back To Index

| SECC લક્ષ્યાંક | | | |
|---|---|---|---|
| **વર્ષ** | **લક્ષ્યાંક** | **મંજુરી** | **પુર્ણ** |
| ૨૦૧૬-૧૭ | ૧૧૩૦૬૩ | ૧૧૩૦૪૩ | ૧૧૧૦૬૯ |
| ૨૦૧૭-૧૮ | ૯૦૪૬૨ | ૯૦૪૪૧ | ૮૮૮૬૯ |
| ૨૦૧૮-૧૯ | ૦ | ૦ | ૦ |
| ૨૦૧૯-૨૦ | ૧૦૫૬૫૯ | ૧૦૫૬૨૭ | ૧૦૨૯૨૦ |
| ૨૦૨૦-૨૧ | ૨૦૦૦ | - | - |
| **કુલ** | **૩૧૧૧૮૪** | **૩૦૯૧૧૧** | **૩૦૨૮૫૮** |

- દરમિયાન ૩૧મી માર્ચ ૨૦૧૮ થી ૭મી માર્ચ ૨૦૧૯ સુધી, SECC-૨૦૧૧માં સમાવિષ્ટ ન હોય તેવા કાચા આવાસ ધરાવતા તેમજ ઘરવિહોણા પરિવારોને આવરી લેવાના હેતુ સાથે **"આવાસ પ્લસ" સર્વેક્ષણ** હાથ ધરવામાં આવ્યું હતું, અને **૬,૩૩,૭૫૭** લાભાર્થીઓની ઓળખ કરવામાં આવી હતી. આ લાભાર્થીઓમાંથી વર્ષ ૨૦૨૦-૨૧ થી શરૂ થતા વર્ષ મુજબના લક્ષ્યાંકો રાજ્યને નીચે જણાવ્યા મુજબ ફાળવવામાં આવ્યા છે.

| આવાસ પ્લસ લક્ષ્યાંક | | | |
|---|---|---|---|
| **વર્ષ** | **લક્ષ્યાંક** | **મંજુરી** | **પુર્ણ** |
| ૨૦૨૦-૨૧ | ૧૦૩૧૭૫ | ૧૦૨૬૭૧ | ૯૨૨૦૨ |
| ૨૦૨૧-૨૨ | ૨૩૫૭૯ | ૨૩૪૭૨ | ૨૦૪૨૫ |
| ૨૦૨૨-૨૩ | ૧૭૦૧૦૩ | ૧૬૮૪૩૫ | ૯૮૨૭૭ |
| **કુલ** | **૨૯૪૮૫૭** | **૨૯૪૫૭૮** | **૨૧૦૯૦૪** |

- પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) એ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના ૬૦:૪૦ હિસ્સા સાથેની યોજના છે.

- લાભાર્થીઓને આવાસ દીઠ **રૂ.૧,૨૦,૦૦૦/- ની સહાય** આપવામાં આવે છે, અને આ રકમ તબક્કાવાર સીધા જ લાભાર્થીના બેંક ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવે છે. આ ઉપરાંત, લાભાર્થી મનરેગા યોજના હેઠળ ૯૦ દિવસની રોજગારી પેટે

Back to Brief Main page

રૂ.૨૩,૦૪૦/– અને સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) હેઠળ શૌચાલય નિર્માણ માટે રૂ.૧૨,૦૦૦/– આમ, **કુલ રૂ.૧,૫૫,૦૪૦/– ની સહાય મળવાપાત્ર થાય છે**.

- રાજ્ય સરકાર દ્વારા લાભાર્થી પ્રથમ હપ્તો મળ્યેથી ૬ માસની અંદર આવાસ પૂર્ણ કરે તો **"મુખ્યમંત્રી પ્રોત્સાહક યોજના"** હેઠળ વધારાની પ્રોત્સાહક સહાય રૂપે રકમ રૂ.૨૦,૦૦૦/– અતિરિક્ત સહાય ચૂકવવામાં આવે છે. પ્રથમ હપ્તાની ચુકવણી બાદ છ માસની અંદર મકાનનું બાંધકામ પૂર્ણ કરનારા લાભાર્થીઓને રાજ્યસરકારની **'મુખ્યમંત્રી પ્રોત્સાહક સહાય યોજના'** હેઠળ લાભાર્થી દીઠ **રૂ. ૨૦,૦૦૦/- ની** અતિરિક્ત સહાય આપવામાં આવે છે. આ યોજના હેઠળ આજદિન સુધીમાં **કુલ ૬૩,૧૦૧** લાભાર્થીઓને **રકમ રૂ.૧૨૬.૨૦/– કરોડની સહાયનો** લાભ આપવામાં આવ્યો છે, જે પૈકી **વર્ષ ૨૦૨૩–૨૪ માં કુલ ૩૫,૦૩૬** લાભાર્થીઓને **રકમ રૂ.૭૨.૦૭/– કરોડની સહાયનો** લાભ આપવામાં આવ્યો છે.
- આ ઉપરાંત, રાજય સરકાર દ્વારા કુટુંબના મહિલા સભ્યોને ધ્યાનમાં રાખીને આવાસની સાથે સાથે બાથરૂમ બાંધકામ માટે **પ્રતિ લાભાર્થી રૂ.૫,૦૦૦/–** ની વધારાની સહાય આપવામાં આવે છે. આ યોજના હેઠળ આજદિન સુધીમાં **કુલ ૩૮,૦૭૯** લાભાર્થીઓને **રકમ રૂ. ૧૯.૦૪ /– કરોડની સહાયનો** લાભ આપવામાં આવ્યો છે.
- વર્ષ ૨૦૧૬–૧૭ થી ૨૦૨૨–૨૩ માટે કુલ ૬,૦૬,૦૪૧ લાભાર્થીઓ માટે લક્ષ્યાંક ફાળવવામાં આવેલ, ફાળવેલ લક્ષ્યાંક સામે કુલ ૫,૧૩,૭૬૨ ગ્રામીણ લાભાર્થીઓના આવાસનું બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે અને ૮૯,૯૨૬ આવાસ પ્રગતિ હેઠળ છે.
- વર્ષ ૨૦૨૨–૨૩ માટે ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા ૧૯મી ડિસેમ્બર ૨૦૨૨ ના રોજ ૧,૮૪,૬૦૫ આવાસ એકમોનો વધારાનો લક્ષ્યાંક ફાળવવામાં આવ્યો છે, જે પૈકી ૧,૬૮,૪૩૫ આવાસો મંજૂર કરવામાં આવેલ છે.
- નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ થી શરૂ થતી તારીખ સુધી, આ યોજના હેઠળ રૂ.**૬૫૭૦.૫૧** કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

**Back to Brief Main page**

| ગ્રાન્ટ અને ખર્ચની વિગત ૨૦૧૬–૧૭ થી ૨૦૨૩–૨૪ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ક્રમ | વર્ષ | મળેલ ગ્રાન્ટ | | | કુલ ખર્ચ (રૂ. કરોડમાં) | ખરેખર ખર્ચ આવાસ સોફ્ટ મુજબ |
| | | કેન્દ્ર | રાજ્ય | કુલ | | |
| ૧ | ૨૦૧૬–૧૭ | ૩૧૭.૯૫ | ૨૧૧.૯૭ | ૫૨૯.૯૨ | ૫૨૯.૯૨ | ૨.૩૦ |
| ૨ | ૨૦૧૭–૧૮ | ૩૦૭.૮૪ | ૨૯૪.૩ | ૬૦૨.૧૪ | ૬૦૨.૧૪ | ૧૨૦૪.૨૭ |
| ૩ | ૨૦૧૮–૧૯ | ૧૮૬.૧૨ | ૪૫૧.૭૨ | ૬૩૭.૮૪ | ૬૩૭.૮૪ | ૮૨૬.૭૮ |
| ૪ | ૨૦૧૯–૨૦ | ૩૪૦.૦૫ | ૧૯૧.૧૯ | ૫૩૧.૨૪ | ૫૩૧.૨૪ | ૭૯૮.૧૦ |
| ૫ | ૨૦૨૦–૨૧ | ૦૦.૫૦ | ૪૦૫.૫૭ | ૪૦૬.૦૭ | ૪૦૬.૦૭ | ૪૯૫.૬૪ |
| ૬ | ૨૦૨૧–૨૨ | ૫૩૦.૬૭ | ૩૮૪.૪૨ | ૯૧૫.૦૯ | ૯૧૫.૦૯ | ૮૯૩.૦૯ |
| ૭ | ૨૦૨૨–૨૩ | ૬૧૨.૪૯ | ૪૦૧.૬૭ | ૧૦૧૪.૧૬ | ૧૦૧૪.૧૬ | ૧૦૦૪.૬૬ |
| ૮ | ૨૦૨૩–૨૪ | ૬૭૧.૭૦ | ૪૪૭.૮ | ૧૧૧૯.૫ | ૧૧૧૯.૫૦ | ૧૩૪૫.૬૭ |
| કુલ | | ૨૯૬૭.૩૨ | ૨૭૮૮.૬૪ | ૫૭૫૫.૯૬ | ૫૭૫૫.૯૬ | ૬૫૭૦.૫૧ |

Back To Index

Back to Brief Main page

પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ વર્ષ ૨૦૧૮-૧૯માં લાભાર્થીઓને પ્રોત્સાહક સહાય અને વ્યાજ સબસીડી ની સહાય ની નવી બાબતની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક:પરચ/પીએમએવાય/૧૦૨૦૧૮/SFS-૨/૨૦૧૭/ખ-૨
બ્લોકનં.૧૧/૨, સચિવાલય,ગાંધીનગર
તા. ૦૨/૦૬/૨૦૧૮

<u>વંચાણે લીધા</u> :-

(૧) કમિશ્નર ગ્રામ વિકાસની કચેરીની પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રા) હેઠળ પ્રોત્સાહક સહાય અને વ્યાજ સબસીડી ની સહાયની નવી બાબત ની સિંગલ ફાઇલ સિસ્ટમ થી કરેલ દરખાસ્ત.

(૨) અધિક મુખ્ય સચિવશ્રી (નાણાં વિભાગ) દ્વારા સરખા ક્રમાંકની ફાઇલ પર આપેલ તા. ૦૯/૦૨/૧૮ની સૈદ્ધાંતિક મંજૂરી.

<u>આમુખ:</u>

પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) એ રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં આવાસ બાંધકામની નણાંકીય સહાય પૂરી પાડતી યોજના છે. આ યોજના હેઠળ પ્રતિ લાભાર્થી દીઠ રૂ. ૧,૨૦,૦૦૦ ની સહાય આપવામાં આવે છે. આ યોજના હેઠળ પ્રતિ લાભાર્થી દીઠ આપવામાં આવતી સહાય ત્રણ હપ્તા માં ચુકવવામાં આવે છે. યોજના ની ગાઈડ લાઇન મુજબ લાભાર્થીને આવાસ મંજૂરી થી ૧ વર્ષ નો સમય ગાળો આવાસ બાંધકામ માટે મળે છે. અનુભવે એવું જણાયેલ છે કે લાભાર્થીઓ પ્રથમ કે બીજો હપ્તો મળ્યા બાદ આવાસ બાંધકામ આગળ વધારવા ઉત્સાહિત હોતાં નથી. અને તેથી તેમના ધ્વારા આવાસનું બાંધકામ યોજના માં દર્શાવાયેલ સમય મર્યાદામાં પૂર્ણાહુતિ થતું નથી. જેના કારણે યોજનાની પ્રગતિ ધીમી પડે છે. અને ખર્ચ ન થઈ શકતા કેન્દ્ર સરકારનો યોજનાકીય ફાળો પણ વિલંબિત થાય છે. આ પરિસ્થિતિ નિવારવા લાભાર્થીઓ સમયસર બાંધકામ પૂર્ણ કરે તે જરૂરી છે. આ હેતુથી સતત તેમનો સંપર્ક રાખી તેમને પ્રોત્સાહિત કરી આગ્રહ કરી કામ કરાવવામાં આવે છે. પરંતુ અનુભવે જણાયું છે કે, આ પધ્ધતિ પૂરતી કારગત નથી. આથી લાભાર્થીઓને યોજનાકીય ઉપરાંત મકાન બાંધકામ સમયસર પૂરું કરવા માટે પ્રોત્સાહન તરીકે અતિરિક્ત નણાંકીય સહાય આપવાની બાબત સરકારશ્રી ની સક્રિય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે જે લાભાર્થી તેને આવાસ મંજૂર થયા ના ૬ મહિનાની અંદર આવાસનું બાંધકામ પૂર્ણ કરશે તેને નીચે ઠરાવમાં જણાવ્યા મુજબ નણાંકીય સહાય આપવા માટે વર્ષ ૨૦૧૮-૧૯ ના અંદાજપત્રમાં આ અંગેની નવી બાબત મંજૂર કરવામાં આવી છે.

Back To Index

ઠરાવ:

પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત જે લાભાર્થીઓને આવાસ બાંધકામની મંજૂરી આપવામાં આવેલ છે, તે લાભાર્થીઓ પૈકી જે લાભાર્થીઓ પ્રથમ હપ્તો ચુકવ્યા તારીખથી ૬ માસ ની અંદર આવાસ પૂર્ણ કરશે, તે લાભાર્થીઓને ઉચ્ચક નાણાંકીય સહાય આપવામાં આવશે.

વર્ષ ૨૦૧૮-૧૯ની નવી બાબત હેઠળ નીચે જણાવેલ ૨ પ્રકારની સહાય પૈકી ૧ સહાય લાભાર્થીને મળવાપાત્ર થશે.

(૧) ઉચ્ચક અતિરિક્ત સહાય રૂ.૨૦,૦૦૦/- .

(૨) આવાસ લોન વ્યાજ સહાય રૂ.૨૦,૦૦૦/- ની મર્યાદામાં દર વર્ષે રૂ. ૪,૦૦૦ લેખે પાંચ વર્ષ માટે વ્યાજ સહાય.

ઉચ્ચક નાણાંકીય સહાયનો લાભ વર્ષ ૨૦૧૮-૧૯માં આવાસ પૂર્ણ કરનાર લાભાર્થીને લાભ મળવા પાત્ર થશે, જ્યારે વ્યાજ સબસીડીનો સહાયનો લાભ વર્ષ ૨૦૧૮-૧૯ ના વર્ષના લક્ષ્યાંક પૈકી મંજૂર થયેલ લાભાર્થીઓમાંથી જે લાભાર્થીઓએ લોન સહાય મેળવેલ હોય તે લાભાર્થીઓને મળવાપાત્ર થશે.

સમગ્ર રાજ્યમાં વર્ષ ૨૦૧૮-૧૯ માં કુલ ૫,૦૦૦ લાભાર્થીઓને રૂ.૨૦,૦૦૦/- ની ઉચ્ચક સહાય નો લાભ આપવામાં આવશે. અને ૨૫,૦૦૦ લાભાર્થીઓને વ્યાજ સબસીડીની સહાય ની યોજનાનો લાભ આપવાનો રહેશે.

ઉચ્ચક નાણાંકીય સહાય માટે લાભાર્થીઓની પસંદગી નીચે મુજબ કરવાની રહેશે.

(૧) લાભાર્થીનો વર્ષ ૨૦૧૮-૧૯ના લક્ષ્યાંક પૈકી સમાવેશ થતો હોવો જોઈએ અને તેને આવાસ મંજૂરી વર્ષ ૨૦૧૮-૧૯માં અપાયેલ હોવી જોઈએ.

(૨) લાભાર્થીનું આવાસ બાંધકામ ૧/૪/૧૮ પછી પૂર્ણ થયેલ હોવું જોઈએ.

(૩) આ લાભાર્થીને વ્યાજ સબસીડીની સહાયનો લાભ આપવાપાત્ર થશે નહીં.

(૪) જિલ્લાવાર પસંદ કરવાના થતાં લાભાર્થીઓની સંખ્યા કમિશ્નરશ્રી ગ્રામ વિકાસની કચેરી દ્વારા આપવાની રહેશે.

પીએમએવાય યોજનાના જે લાભાર્થીઓ એ લોન સહાય મેળવેલ હોય તે લાભાર્થીઓ પૈકી નિયત કરવામાં આવેલ કુલ ૨૦,૦૦૦ લાભાર્થીઓને વ્યાજ સબસીડીની સહાય પ્રતિ વર્ષ લેખે રૂ. ૪,૦૦૦ મળવાપાત્ર થશે, જે માટે લાભાર્થીની પસંદગી નીચે મુજબ કરવાની રહેશે.

(૧) લાભાર્થીને પીએમએવાય આવાસ મંજૂરી વર્ષ ૨૦૧૮-૧૯માં અપાયેલ હોવી જોઈએ અને લાભાર્થીને લોન સહાય ૨૦૧૮-૧૯માં મળી હોવી જોઈએ.

Back To Index

(૨) લોન સહાય મેળવેલ લાભાર્થીઓ પૈકી વ્યાજ સબસીડીની સહાય તે લાભાર્થીઓને જ મળશે જેઓએ લોનના હપ્તા નિયમિત ભર્યા હોય, લોન હપ્તા ભર્યાની ચકાસણી તાલુકા કક્ષાએથી કરાવી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીએ, કમિશ્નર ગ્રામ વિકાસની કચેરી દ્વારા ફાળવેલ સબસીડીની સહાય આપવાપાત્ર લાભાર્થીઓની સંખ્યા મુજબ વ્યાજ સબસીડીની સહાય આપવાના લાભાર્થીઓ નક્કી કરવાના રહેશે.

(૩) વ્યાજ સબસીડીની સહાય મળવાપાત્ર થયેલ લાભાર્થીને ઉચ્ચક સહાયનો લાભ મળી શકશે નહીં

આથી ઉક્ત યોજના માટે નીચે જણાવ્યા મુજબ બજેટ જોગવાઈ કરવામાં આવે છે.

મુખ્ય સદર ૨૨૧૬ આવાસન

ગૌણ સદર ૧૦૫ ઇન્દિરા આવાસ યોજના

પેટા સદર ૦૧, ઇન્દિરા આવાસ યોજના

વિગતવાર સદર ૦૧

## પીએમએવાય યોજના હેઠળ વધારાની સહાય અને વ્યાજ સબસીડીની નવી બાબતની બજેટ જોગવાઈ

| માંગણી નંબર | વ્યાજ સબસીડી માટે લાભાર્થીઓની સંખ્યા | વધારાની સહાય માટે લાભાર્થીઓની સંખ્યા | વ્યાજ સબસીડીની બજેટ જોગવાઈ (રૂ. લાખમાં) | વધારાની સહાયની બજેટ જોગવાઈ (રૂ. લાખમાં) | કુલ બજેટ જોગવાઈ (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૭૧ | ૧૦,૦૦૦ | ૨,૦૦૦ | ૪૦૦ | ૪૦૦ | ૮૦૦ |
| ૯૫ | ૭,૫૦૦ | ૧,૫૦૦ | ૩૦૦ | ૩૦૦ | ૬૦૦ |
| ૯૬ | ૭,૫૦૦ | ૧,૫૦૦ | ૩૦૦ | ૩૦૦ | ૬૦૦ |
| કુલ | ૨૫,૦૦૦ | ૫,૦૦૦ | ૧,૦૦૦ | ૧,૦૦૦ | ૨,૦૦૦ |

ઉપર ના પત્રકની વિગતે ૫,૦૦૦ લાભાર્થીઓને રૂ.૨૦,૦૦૦ લેખે ઉચ્ચક સહાયનો લાભ આપવા માટે રૂ. ૧૦ કરોડ અને ૨૫,૦૦૦ લાભાર્થીઓ ને પાંચ વર્ષમાં રૂ.૨૦,૦૦૦ની વ્યાજ સહાય ચૂકવવા માટે પ્રથમ વર્ષે જરૂરી રૂ.૪,૦૦૦/- (લાભાર્થી દીઠ) માટે જરૂરી રૂ. ૧૦ કરોડ એમ કુલ રૂ.૨૦ કરોડની આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે. વધુમાં જણાવવાનું કે, પ્રસ્તુત વહીવટી મંજૂરી બાબતે ખર્ચ કરતાં પહેલા નીચેની શરતોનું પાલન કરવાનું રહેશે.

૧. સને ૨૦૧૮ - ૧૯ ના વર્ષની બજેટ જોગવાઇને આધિન રહીને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૨. જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

Back To Index

૩. આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ બજેટ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. યોજનાઓની નિયત થયેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૫. પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ, તા. ૨૨/૧૧/૨૦૦૬ અન્વયે " ઇ " ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઇઓ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૬. આ મંજૂરી અન્વયે જો કોઇ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

૭. આ યોજના હેઠળ હંગામી જગ્યાઓ આગામી વર્ષ માટે ચાલુ રાખવાની મંજૂરી મેળવવાની થતી હોય તો તે માટે અલગથી દરખાસ્ત રજૂ કરવાની રહેશે.

૮. વર્ષના અંતે જો કોઇ બચત રહે તો તે પરત કરવાની રહેશે.

૯. બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

૧૦. આ કામની ડિઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાના અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૧. આ અંગેનો ખર્ચ તા. ૧/૪/૨૦૧૮ થી કરવાનો રહેશે.

આ યોજના ના નાણાં રાજ્ય કક્ષાએ અને જિલ્લા કક્ષાએ અલગ બેંક એકાઉન્ટમાં રાખવાના રહેશે. આ યોજના ના લાભ આપવા માટે જિલ્લાવાર લક્ષ્યાંકોની ફાળવણી તથા સમગ્ર યોજનાની કાર્યરીતિ કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસએ નક્કી કરવાની રહેશે.

આ ઠરાવ તા. ૦૮/૦૫/૨૦૧૮ ની અધિક મુખ્ય સચિવશ્રી (નાણાં વિભાગ)ની સરખા ક્રમાંકની ફાઇલ પરની મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

O/L

(આર.જે.ખરાડી)
ઉપસચિવ (ગ્રામ વિકાસ)
પંચાયત ગ્રામગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

2/6/18

નકલ રવાના :-

૧. માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર મુખ્ય સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર
૨. માન. રા.ક.મંત્રીશ્રી (પચાયત)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
૩. તમામ માન. મંત્રીશ્રી/માન. રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૪. મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૫. એકાઉન્ટન્ટ જનરલશ્રી,ગુજરાત રાજકોટ / અમદાવાદ.
૬. અધિક મુખ્ય સચિવશ્રી,નાણાંવિભાગ,સચિવાલય, ગાંધીનગર

રવાના કર્યું
તા. 2 JUN 2018

Back To Index

પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ વર્ષ ૨૦૧૮-૧૯માં લાભાર્થીઓને પ્રોત્સાહક સહાય અને વ્યાજ સબસીડીની સહાયની નવી બાબતની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક:પરચ/પીએમએવાય/૧૦૨૦૧૮/SFS-૨/૨૦૧૭/ખ-૨
બ્લોકનં.૧૧/૨, સચિવાલય,ગાંધીનગર
તા. ૨૦/૦૯/૨૦૧૮

વંચાણે લીધા:- (૧) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક પરચ/પીએમએવાય/૧૦૨૦૧૮/SFS-૨/૨૦૧૭/ખ-૨, તા. ૦૨/૦૬/૧૮.

**સુધારા ઠરાવ:-**

પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ ના જે લાભાર્થીઓ આવાસનું બાંધકામ પ્રથમ હપ્તો ચુકવ્યાના ૬ માસમાં પૂર્ણ કરે તે લાભાર્થીઓને પ્રોત્સાહન મળે તે હેતુથી પ્રોત્સાહક સહાય પ્રતિ લાભાર્થી દીઠ રૂ. ૨૦,૦૦૦ લેખે ૫૦૦૦ લાભાર્થીઓને આપવા માટે રાજ્ય સરકાર દ્વારા પ્રોત્સાહક સહાયની અને જે લાભાર્થીઓએ લોન સહાય મેળવેલ હોય તેવા ૨૫૦૦૦ લાભાર્થીઓને વ્યાજ સબસિડીની સહાય રૂ. ૨૦,૦૦૦ પાંચ વર્ષમાં આપવાની નવી બાબત અમલમાં મુકેલ છે. પંચાયત વિભાગના સંદર્ભ-૧ ના ઠરાવથી આ યોજનાને વહીવટી મંજૂરી અપાયેલ છે. ઉચ્ચક અતિરિક્ત સહાય યોજના હવેથી માન.મુખ્યમંત્રીશ્રી આવાસ પ્રોત્સાહક સહાય યોજના તરીકે ઓળખાશે. સંદર્ભ-૧ ના ઠરાવમાં નીચેની વિગતે સુધારો કરવામાં આવે છે.

ઠરાવના પાનાં નં. ૨ પરની જોગવાઈ હાલ નીચે મુજબ છે.

" ઉચ્ચક નાણાંકીય સહાયનો લાભ વર્ષ ૨૦૧૮-૧૯માં આવાસ પૂર્ણ કરનાર લાભાર્થીને લાભ મળવાપાત્ર થશે, જ્યારે વ્યાજ સબસીડીની સહાયનો લાભ વર્ષ ૨૦૧૮-૧૯ના વર્ષના લક્ષ્યાંક પૈકી મંજૂર થયેલ લાભાર્થીઓ માંથી જે લાભાર્થીઓએ લોન સહાય મેળવેલ હોય તે લાભાર્થીઓને મળવાપાત્ર થશે."

આથી ઉક્ત જોગવાઈ રદ કરવામાં આવે છે, જેના બદલે નીચેની જોગવાઈ લાગુ કરવાની રહેશે.

"ઉચ્ચક નાણાંકીય સહાય અને વ્યાજ સબસીડીનો લાભ તેવા લાભાર્થીઓને મળવાપાત્ર થશે કે જેઓએ પ્રથમ હપ્તો સહી કર્યા તારીખથી ૬ માસની અંદર આવાસ બાંધકામ પૂર્ણ કર્યું હોય તેમજ આવાસનું બાંધકામ તા. ૦૧/૦૪/૧૮ પછી પૂર્ણ થયેલ હોય. લાભાર્થીને આ બંને સહાય માંથી કોઈ એક જ સહાય મળવાપાત્ર થશે.

ઠરાવમાં ઉચ્ચક નાણાંકીય સહાય માટે લાભાર્થીઓની પસંદગી બાબતે શરત નં. ૧ માં "લાભાર્થીનો વર્ષ ૨૦૧૮-૧૯ના લક્ષ્યાંક પૈકી સમાવેશ થતો હોવો જોઈએ અને તેને આવાસ મંજૂરી વર્ષ ૨૦૧૮-૧૯માં અપાયેલ હોવી જોઈએ " એમ દર્શાવેલ છે. આ શરત રદ કરવામાં આવે છે.

ઠરાવમાં વ્યાજ સબસીડીની સહાય માટે લાભાર્થીઓની પસંદગી બાબતે શરત નં. ૧ માં "લાભાર્થીને પીએમએવાય આવાસ મંજૂરી વર્ષ ૨૦૧૮-૧૯માં અપાયેલ હોવી જોઈએ અને લાભાર્થીને લોન સહાય વર્ષ ૨૦૧૮-૧૯માં મળી હોવી જોઈએ" એમ દર્શાવેલ છે. આ શરત નીચે મુજબ વંચાણે લેવી.

"લાભાર્થીને બેન્ક અથવાતો RBI માન્ય નાણાંકીય સંસ્થા પાસેથી આવાસ ધિરાણ મળેલ હોવું જોઈએ આવું ધિરાણ ૦૧/૦૪/૨૦૧૮ બાદ મંજૂર થયેલ હોવું જોઈએ."

C:\Users\acer\Desktop\ખ-૨\GR.docx

Back To Index

Scanned with OKEN Scanner

ઠરાવના પાનાં નં. ૪ પર ખર્ચ કરતાં પહેલા પાલન કરવાની શરતોમાં શરત નં. ૯ અને ૧૦ નીચે મુજબ દર્શાવેલ છે.

(૯) બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૧૦) આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાના અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ બંને શરતો પૂર્ણપણે રદ કરવામાં આવે છે. પંચાયત વિભાગના તા. ૦૨/૦૬/૨૦૧૮ ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રી ના હુકમથી અને તેના નામે,

(આર.જે.ખરાડી)
ઉપસચિવ(ગ્રામ વિકાસ)
પંચાયત ગ્રામગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

રવાના કર્યું
જે.કે.કનાલા
૨૦/૯/૧૮

O/C
જે.કે.કનાલા
૨૦/૯/૧૮

**નકલ રવાના :-**

૧. માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર મુખ્ય સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર
૨. માન. મંત્રીશ્રી (ગ્રામ વિકાસ)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
૩. માન. રા.ક.મંત્રીશ્રી (ગ્રામ વિકાસ)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
૪. તમામ માન. મંત્રીશ્રી/માન. રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૫. મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૬. એકાઉન્ટન્ટ જનરલશ્રી,ગુજરાત રાજકોટ / અમદાવાદ.
૭. અધિક મુખ્ય સચિવશ્રી,નાણાંવિભાગ,સચિવાલય, ગાંધીનગર
૮. અગ્ર સચિવશ્રી,સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૯. અગ્ર સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૦. અધિક મુખ્ય સચિવશ્રી,વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૧. અગ્ર સચિવશ્રી,પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૨. અગ્ર સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૩. અગ્ર સચિવશ્રી,નર્મદા, જળસંપત્તિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૪. સચિવશ્રી,માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૫. સચિવાલયના તમામ વિભાગો
૧૬. વિકાસ કમિશ્નરશ્રી, વિકાસ કમિશ્નરની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
૧૭. અધિક કમિશ્નરશ્રીઓ,કમિશ્નર ગ્રામવિકાસની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
૧૮. મુખ્ય કારોબારી અધિકારીશ્રી,પી.એમ.કે.એસ.વાય.,કમિશ્નર ગ્રા.વિ.ની કચેરી, ગાંધીનગર
૧૯. મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લી., ઉદ્યોગ ભવન, ગાંધીનગર
૨૦. સર્વે કલેક્ટરશ્રીઓ, જિલ્લા (તમામ), (કમિશ્નર ગ્રામવિકાસની કચેરી મારફત)
૨૧. ચેરમેન –વ– જિલ્લા વિકાસ અધિકારીશ્રી, (તમામ) (કમિશ્નર ગ્રામવિકાસની કચેરી મારફત)
૨૨. નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, (તમામ) (કમિશ્નર ગ્રામવિકાસની કચેરી મારફત)
૨૩. સિસ્ટમ મેનેજરશ્રી,પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ઠરાવ વિભાગની વેબસાઇટ ઉપર અપલોડ કરવાની વિનંતી સહ
૨૪. શાખા ફાઇલ / પસંદગી ફાઇલ.

C:\Users\acer\Desktop\h-2\GR.docx

Back To Index

નાણાકીય વર્ષ. ૨૦૨૦-૨૧ (નવી બાબત) આયોજન/મતપાત્ર,(માંગણીક્રમાંક:-૭૧,૯૫, ૯૬નીપ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ) યોજનાના લાભાર્થીઓને બાથરૂમના બાંધકામ સહાય વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર

ઠરાવ ક્રમાંકઃ- પીએમએવાય/૧૦૨૦૨૦/૨૫૬૨૯/ખ-૨

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર

તારીખ:-૨૧-૭-૨૦૨૦

**ઠ રા વ :-**

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના સને ૨૦૨૦-૨૧ ના વર્ષના નવી બાબતના અંદાજપત્રમાં માંગણી ક્રમાંક : ૭૧,૯૫,૯૬ સદર હેઠળની રૂ. ૫૦૦૦ લાખ (રૂપિયા પાંચ હાજર લાખ પુરા)ની અંદાજપત્રીય જોગવાઇ વાળી **પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) યોજનાના લાભાર્થીઓને બાથરૂમના બાંધકામ સહાય** માટે સને.૨૦૨૦-૨૧ના વર્ષમાં ખર્ચ કરવા માટે અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગની તા.૧૩/૦૭/૨૦૨૦ની નોધથી વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

પ્રધાનમંત્રી આવાસ (ગ્રામીણ) યોજના હેઠળ ગ્રામ્ય વિસ્તારનાં લાભાર્થીઓને કેન્દ્ર અને રાજ્ય સરકારના ૬૦:૪૦ના કિસ્સાવાળી આ યોજના હેઠળ બાથરૂમના બાંધકામ માટે પ્રતિ લાભાર્થી દીઠ સરકારશ્રી તરફથી રૂ.૫૦૦૦/- અને લાભાર્થી તરફથી રૂ.૩૦૦૦/- લોકફાળાથી આ યોજના અમલમાં મૂકવામાં આવે છે.

સદર બાબતે કાળજીપૂર્વકની વિચારણાને અંતે નીચે દર્શાવેલ કુલ રૂ. ૫૦૦૦.૦૦ લાખ(રૂપિયા પાંચ હાજર લાખ પુરા)ની **માંગણી ક્રમાંક-૭૧,૯૫,૯૬ પ્રધાનમંત્રી આવાસ યોજના** (ગ્રામીણ) **યોજનાના લાભાર્થીઓને બાથરૂમના બાંધકામ સહાય માટે નવી બાબતની સને ૨૦૨૦-૨૧ ના નાણાકીય વર્ષમાં ખર્ચ કરવાની વહીવટી મંજૂરી નીચે દર્શાવેલ શરતોને** આધીન આપવાનું આથી **ઠરાવવામાં આવે છે.**

Back To Index

| ક્રમ | માંગણી ક્રમાંક અને સદર | રકમ (રૂ. લાખમાં) | લાભાર્થીઓની સંખ્યા. |
|---|---|---|---|
| ૧ | માંગણી ક્રમાંક ૭૧ – ૨૨૧૬ – 03 – ૧૦૫ – ૦૧ | 3,૦૫૦.૦૦ | ૬૧,૦૦૦ |
| ૨ | માંગણી ક્રમાંક ૯૫ – ૨૨૧૬ – 03 – ૧૦૫ – ૦૧ | ૮૦૦.૦૦ | ૧૬,૦૦૦ |
| 3 | માંગણી ક્રમાંક ૯૬ – ૨૨૧૬ – 03 – ૭૯૬ – ૧૪ | ૧,૧૫૦.૦૦ | ૨૩,૦૦૦ |
| | કુલ | ૫૦૦૦.૦૦ | ૧,૦૦,૦૦૦ |

**શરતો :-**

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(3) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે વિભાગે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(૮) બાંધકામના કામોમાં P.W.D.મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૯) સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચે MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની વિભાગે તકેદારી રાખવાની રહેશે.

(૧૦) આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી વિભાગ કક્ષાએ સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

(૧૧) રેલ્વે,વન અને પર્યાવરણ વિભાગ,પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી કલીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં જરૂરી ચોકસાઇ કરી લેવાની રહેશે.

(૧૨) આ કામની ડિઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાના અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનુ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

Back To Index

(૧૩) મંજૂર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

(૧૪) બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઇ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

(૧૫) વહીવટી મંજૂરીની અત્રેથી જે શરતોને આધિન મંજૂરી આપવામાં આવેલ છે. તેનો સમાવેશ ઠરાવમાં થાય તે વિભાગે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(૧૬) નાણા વિભાગ દ્વારા જે શરતોને મંજૂરી આપવામાં આવેલ હોય તેમાં કોઇ પણ સંજોગોમાં નાણા વિભાગની પૂર્વ મંજૂરી વિના ફેરફાર કરી શકાશે નહીં અન્યથા તે અંગેની જવાબદારી વિભાગની રહેશે.

(૧૭) આ યોજનાના પરિપ્રેક્ષ્યમાં દાખલ કરવી જરૂરી જણાતી હોય તેવી અન્ય શરતો પણ સામેલ કરવાની રહેશે.

(૧૮) નાણા વિભાગના તા.૦૬/૦૬/૨૦૨૦ના ઠરાવ ક્રમાંકઃ- ખરચ/૧૦૨૦૧૦/૧૧૮/ઝ.૧ ની સુચનાઓનુ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

પ્રસ્તુત ઠરાવ સમાન ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૩-૦૭-૨૦૨૦ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

૨૧/૭/૨૦૨૦

(એમ.જી.બંધિયા)

ઉપસચિવ (ગ્રામ વિકાસ)

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

રવાના કર્યું તા. 22 JUL 2020

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (ગ્રામ વિકાસ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રાં.ક.મંત્રીશ્રી(ગ્રામવિકાસ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય,ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, બ્લોક નં.૪, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, બ્લોક નં.૪,સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી,(ગ્રામ વિકાસ)પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનર-વ-સચિવશ્રી, કમિશનરશ્રી ગ્રામ વિકાસની કચેરી, બ્લોક નં:૧૬/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (પંચાયત), ગૃહ વિભાગ, બ્લોક નં.૨, સચિવાલય, ગાંધીનગર.

Back To Index

પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીને મળવાપાત્ર થતી બાથરૂમ બાંધકામ સહાયની કાર્યરીતિ નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક :- પીએમએવાય/૧૦૨૦૨૦/૨૫૬૨૯/ખ-૨,
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા.૦૩/૦૩/૨૦૨૨

વંચાણે લીધા:- (૧) કમિશ્નર ગ્રામ વિકાસની કચેરીની પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રા) હેઠળ બાથરૂમ બાંધકામ સહાયની નવી બાબતની સિંગલ ફાઈલ સિસ્ટમથી કરેલ દરખાસ્ત.

(૨) અધિક મુખ્ય સચિવશ્રી નાણાં વિભાગ દ્વારા સરખા ક્રમાંકની ફાઈલ પર આપેલ તા.૨૦/૦૨/૨૦૨૦ની સૈધ્ધાંતિક મંજૂરી.

(૩) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: પીએમએવાય/૧૦૨૦૨૦/૨૫૬૨૯/ખ-૨,તા.૨૧/૦૭/૨૦૨૦

(૪) માન. મંત્રીશ્રી ગ્રામ વિકાસ દ્વારા સરખા ક્રમાંકની ફાઈલ પર આપેલ તા.૦૬/૧૨/૨૦૨૧ની ફાઇલ પર મળેલ મંજુરી

પ્રસ્તાવના:-

પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ ગ્રામ્ય વિસ્તારના લાભાર્થીઓને કેન્દ્ર અને રાજ્ય સરકારના ૬૦:૪૦ના હિસ્સાવાળી યોજના અમલમાં છે. આ યોજના અંતર્ગત નવી બાબત તરીકે બાથરૂમ બાંધકામ સહાય માટે ૧૦૦ % રાજ્ય ભંડોળમાંથી લાભાર્થીદીઠ રૂ.૫૦૦૦/- અને લાભાર્થી તરફથી રૂ.૩૦૦૦/- લોકફાળાથી આમ કુલ લાભાર્થીદીઠ રૂ.૮૦૦૦/-ની નવી બાબતની વહીવટી મંજૂરી વંચાણે લીધા (૩)થી મળેલ છે. આથી, આવાસ યોજના ના લક્ષ્યાંક મુજબના તમામ લાભાર્થીઓને બાથરૂમ સુવિધા આપવા આવરી લેવાય તે જરૂરી છે જેને લીધે ગ્રામ્ય કક્ષાએ મહિલાઓ માટે આવાસ સાથે બાથરૂમની સુવિધા ઉપલબ્ધ થશે અને મહિલા સશક્તિકરણ તરફ એક નવી પહેલ થશે.

બાથરૂમ સહાયની નવી બાબત હેઠળ વર્ષ.૨૦૨૦-૨૧ ચાલુ વર્ષ અને આવનાર વર્ષોમાં એવા લાભાર્થીઓને મળશે કે, જેઓને પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રા) અંતર્ગત આવાસનો લાભ મળવાપાત્ર છે.

//૨//

Back To Index

ઠરાવ :-

પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ ગ્રામ્ય વિસ્તારના લાભાર્થીઓને કેન્દ્ર અને રાજ્ય સરકારના ૬૦:૪૦ના હિસ્સાવાળી યોજના અમલમાં છે. આ યોજના અંતર્ગત નવી બાબત તરીકે બાથરૂમ બાંધકામ સહાય માટે ૧૦૦ % રાજ્ય ભંડોળમાંથી લાભાર્થીદીઠ રૂ.૫૦૦૦/- ચુકવવા પાત્ર થાય છે જ્યારે લાભાર્થીએ પોતાના તરફથી રૂ.૩૦૦૦/- લોકફાળો આપવાનો રહે છે. સંબધિત નવી બાબતને વહીવટી મંજૂરી વંચાણે લીધા (૩)થી મળેલ છે.

ઉક્ત ઉદેશ્યને સિદ્ધ કરવા બાથરૂમ સહાયની કાર્યરીતિ નક્કી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે આ બાબતે નીચે મુજબની કાર્યરીતિ નક્કી કરવામાં આવે છે.

૧. પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવક્રમાંક:પીએમએવાય/૧૦૨૦૨૦ /૨૫૬૨૯/ખ-૨ તા. ૨૧/૦૭/૨૦૨૦ના ઠરાવમાં દર્શાવેલ શરતો મુજબ કામગીરી કરવાની રહેશે.

૨. આ યોજનાનુ અમલીકરણ જિલ્લા કક્ષાએ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને તાલુકા વિકાસ અધિકારી દ્વારા કરવાનું રહેશે:

૩. બાથરૂમ સહાય પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રા) હેઠળ ના લાભાર્થીઓનેજ આપવાની રહેશે.

૪. બાંધકામના કામોના નકશા/પ્લાનની મંજૂરી પ્રવર્તમાન SOR મુજબ નકશા/ અંદાજો તૈયાર કરી જિલ્લાના સક્ષમ અધિકારીની મંજૂરી મેળવવાની રહેશે.

૫. હાલમાં આવાસના લાભાર્થીઓના પૈસા તેમના ખાતામાં સીધા Direct Benefit Transfer (DBT) દ્વારા આપવામાં આવે છે. જેથી બાથરૂમ સહાયની રકમ RTGSથી સીધા તેમના ખાતામાં જમા થાય અને આ રકમ DBT થી લાભાર્થીના ખાતામાં જમા થાય તે બાબતે ભારત સરકારશ્રી/NIC સાથે પરામર્શમાં રહી મોડ્યુયલ બનાવવામાં આવશે જેથી આગામી વર્ષોમાં આ રકમ સીધા લાભાર્થીના ખાતામાં જમા થાય.

૬. બાથરૂમ સહાયની રકમ વર્ષ ૨૦૨૦-૨૧માં જે આવાસોને મંજૂરી આપવામાં આવેલ છે અને ત્યારબાદ તે પૈકી ના આવાસો પૂર્ણ થયેથી ચુકવવાના રહેશે આ ઉપરાંત આગામી વર્ષોમાં જે આવાસો પૂર્ણ કરવામાં આવશે તેમણે ચુકવવાના રહેશે.

૭. બાથરૂમ સહાય રૂ. ૮૦૦૦/- (રૂ. ૫૦૦૦/- પ્રતિ લાભાર્થી દીઠ સરકારશ્રી તરફથી અને રૂ. ૩૦૦૦/- લોક ફાળો) બાથરૂમ બાંધકામ સંપૂર્ણ રીતે પૂર્ણ થાય ત્યાર બાદ યોગ્ય તપાસ / ચકાસણી કર્યા પછી સહાય ચુકવવાની રહેશે તેમજ આ બાબત સંબધિત અધિકારીશ્રીએ પ્રમાણિત કરવાનું રહેશે.

// 3 //

Back To Index

૮. જિલ્લા કક્ષાએથી કેટલા લાભાર્થીઓને સહાય ચૂકવાઈ છે તે અંગે પ્રમાણપત્ર વડી કચેરીએ રજૂ કરવાનું રહેશે.

૯. નીચે મુજબના દસ્તાવેજોની ચકાસણી કર્યાબાદ સહાય ચુકવણી કરવાની રહેશે.

- આવાસ પૂર્ણ થયે Geo-Teg કર્યાનું પ્રૂફ
- બાથરૂમ બાંધકામના ફોટોગ્રાફ
- બાથરૂમ બાંધકામ પૂર્ણ થયાને લગતું તપાસ / ચકાસણી ફોર્મ ( તપાસ કરનાર અધિકારીએ પ્રમાણપત્ર આપવાનું રહેશે.)

લાભાર્થીઓને ચુકવવાપાત્ર રકમની પૂરતી ચકાસણી કરી ફંડ માંગણીની ચોક્કસ રકમ નક્કી કરી વડી કચેરી પાસેથી માંગણી કરવાની રહે તેમજ ફંડ મળ્યેથી ઉપરોક્ત ઠરાવની શરતો અનુસાર લાભાર્થીઓને ચુક્વણું કરવાનું રહેશે.

ઉક્ત શરતો /બાબતોનું અચૂકપણે પાલન થાય તે તમામ જિલ્લા કચેરીઓએ સુનિશ્ચિત કરવાનું રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હરિષ.કે.પ્રજાપતિ)

નાયબ સચિવ

પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ.

રવાના કર્યું
તા. ... MAR 2022

નકલ સવિનય રવાના :-

૧. માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૧, સચિવાલય, ગાંધીનગર
૨. ખાસ ફરજ પરના અધિકારીશ્રી, માન.મુખ્યમંત્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ -૧. સચિવાલય ,ગાંધીનગર.
૩. માન. મંત્રીશ્રી ( ગ્રામ વિકાસ ) ના અંગત સચિવશ્રી, સચિવાલય , ગાંધીનગર.
૪. માન. રા.ક.મંત્રીશ્રી ( ગ્રામ વિકાસ ) ના અંગત સચિવશ્રી, સચિવાલય , ગાંધીનગર.
૫. તમામ માન.મંત્રીશ્રી / રાજયકક્ષાનામંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય , ગાંધીનગર.
૬. મુખ્ય સચિવશ્રીના સંયુકત સચિવશ્રી , સચિવાલય ગાંધીનગર.
૭. અગ્ર સચિવશ્રી નાણાં વિભાગ , સચિવાલય, ગાંધીનગર .
૮. અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૯. અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત , ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૦. અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સચિવાલયના સર્વે વિભાગો.



Back To Index